રજુ તારીખ:– ૨૬/૦૯/૨૦૨૪.
દાખલતારીખ:–૨૬/૦૯/૨૦૨૪.
ફેંસલ તારીખ:–૨૩/૦૬/૨૦૨૬.
અવધિ :– વર્ષ માસ દિવસ.
૦૧ ૦૮ ૨૮

એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,
મુ.ખંભાળીયા.

ફોજદારી કેસ નં.૨૩૪૦/૨૦૨૪.

આંક :–

ફરીયાદી :– **કમલેશભાઈ મુળુભાઈ ગઢવી,**
ઉ.વ.આ.૩૪, ધંધો–ખેતી,
રહે.ખંભાળીયા,
તા.ખંભાળીયા, જી.દેવભૂમિદ્વારકા.

<u>વિરૂધ્ધ</u>

તહોમતદાર :– **સલીમભાઈ યુસુફભાઈ ખીરા,**
ઉ.વ.આ.૩૦, ધંધો–ડ્રાઈવર,
રહે. ખંભાળીયા, હે. ભગવતી હોલ,
તા.ખંભાળીયા,જી.દેવભૂમિદ્વારકા,

ગુનો :–<u>ધ નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ.એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો.</u>

ફરીયાદી તરફે :– વિ.વ.શ્રી જે.એમ. સાગઠીયા.

તહોમતદાર તરફે :– વિ.વ.શ્રી જે.આર. કુવા.

<u>–::ચુકાદો::–</u>

(૧) આ કામના ફરિયાદીની ફરિયાદની ટુંકમાં હકીકત એવી છે કે, ફરિયાદી ઉપરોકત દર્શાવેલ સરનામે રહે છે અને ખેતીકામ કરે છે. આ કામના આરોપી ડ્રાઈવીંગનું કામ કરે છે. આ કામના આરોપી અને ફરિયાદી એકબીજાને ઓળખતા હોય અને આરોપીના પત્નીએ ફરિયાદીએ બહેન બનાવેલ હોય એકબીજાના પરિચયમાં છે. આ કામના આરોપીને અંગત કામ માટે રૂપિયાની જરૂર પડતા ફરિયાદી પાસેથી વગર વ્યાજે હાથઉછીના નાણા રૂા.૨,૯૦,૦૦૦/– તા.૨૪/૦૯/૨૦૨૩ ના રોજ લીધેલ. જે નાણાની ચુકવણી માટે નોટરી રૂબરૂ નોટોરાઈઝડ લખાણ કરેલ. જેમાં સમજૂતિ મુજબ આરોપીએ ફરિયાદીને લેણી રકમની ચુકવણી માટે અલગ–અલગ ચેકો આપેલ. જેમાંથી આરોપીએ આપેલ ચેકો પૈકી ચેક નં.૦૦૦૦૧૦ ના તા.૦૧/૦૧/૨૦૨૪ રોજનો રૂા.૧,૨૦,૦૦૦/– ફરિયાદી જોગ લખી આપી તેમાં આરોપીએ તેમની સહી કરી આપેલ અને સદરહું ચેકની આપતી વખતે આરોપીએ ફરિયાદીને વિશ્વાસ અને ભરોસો આપેલ કે, સદરહું ચેકની તારીખે તેમના તરફથી ચેક મુજબની વ્યવસ્થા કરવામાં આવશે. ત્યારબાદ ફરિયાદીએ સદરહું ચેક તેમના એચ.ડી.એફ.સી. બેંક, ખંભાળીયા શાખાના ખાતા નં .૫૦૧૦૦૩૭૩૧૭૭૫૬૦ માં જમા કરાવતાં સદરહું ચેક ''ફંડ ઈન્સીફીચન્ટ'' ના શેરા સાથે પરત ફરેલ. ત્યારબાદ ફરિયાદીએ તા.૦૨/૦૪/૨૦૨૪ ના રોજ રજી.એડી. મારફત નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ અન્વયે નોટિસ આપેલી જે નોટિસ તા.૦૬/૦૪/૨૦૨૪ ના રોજ આરોપીને બજી ગેલ હોવા છતાં આરોપીએ ફરિયાદીને ચેકની લેણી રકમની ચુકવણી કરેલ નહી. આમ કરી આરોપીએ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧

૩૮ નો ભંગ કરેલ છે. વાસ્તે ફરિયાદ લાવી દાદ માંગે છે કે, આ કામના આરોપીએ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ નો ભંગ કરી જેલની સજાને પાત્ર સામાવાળાએ ગુનો કરેલ હોય આ સામાવાળા સામે કામ ચલાવી સખત નશીયત કરવા તથા દંડ કરવા અરજ કરેલ છે.

(૨) સદર કામે આરોપીને ધોરણસર પ્રોસેસ બજયા બાદ આરોપી હાજર થતાં ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ની કલમ–૧૪૩ના પ્રોવાઈઝનો મુજબ પુરાવો ઘ્યાને લેતાં કેસની ટ્રાયલ સમન્સ ટ્રાયેબલ રીતે ચલાવી તા. ૦૩/૧૨/૨૦૨૪ ના રોજ આરોપીની ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૧ અન્વયે પ્લીઆંક–૦૭ થી લેતા આરોપીએ તેમની સામેના આક્ષેપિત ગુનાનો ઈન્કાર કરતાં સદર કામ ફરિયાદીના પુરાવા ઉપર રાખવામાં આવેલ.

(૩) ફરિયાદપક્ષે આરોપી વિરુઘ્ધ નીચે મુજબનું મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

અ.નં.	વિગત	આંક
૧.	ફરીયાદી તરફે પુરાવાનું સોગંદનામું	૫
૨.	આરોપીએ આપેલ ચેક નં. ૦૦૦૦૧૦	૧૦
૩.	આરોપીએ આપેલ ચેક નં. ૦૦૦૦૧૦ નો રીટર્ન મેમો અસલ	૧૧
૪.	આરોપીને આપેલ લીગલ નોટિસ	૧૨
૫.	આરોપીને નોટિસ રજી.એડી. કર્યા અંગેની પોસ્ટની સફેદ પાવતી	૧૩
૬.	એકનોલોજમેન્ટ સ્લીપ	૧૪
૭.	આરોપીએ ફરિયાદી પાસેથી રકમ મેળવ્યા સંબંઘે નોટરી રૂબરૂના કરારની ખરી નકલ	૧૫
૮.	કલોઝીંગ પુરસીસ	૧૬

(૪) ત્યારબાદ આ કામનાં આરોપીનું બી.એન.એસ.ની કલમ–૩૫૧ મુજબનું વધારાનું નિવેદન નોંધતા તેમાં આરોપી દ્વારા ફરિયાદીએ તેમની વિરુધ્ધમાં કરેલ તમામ આક્ષેપોનો ઈન્કાર કરવામાં આવેલ છે અને સદર કામે પોતાને બચાવમાં સાહેદ તપાસવા નથી કે સોગંદ ઉપર જુબાની આપવી નથી તથા ઉપરોકત કહેવાતો ચેક તેઓએ ફરિયાદીને આપેલ નથી. આરોપીએ કોઈ ગુનો કરેલ નથી તેમ જણાવી નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૫) ત્યારબાદ બંને પક્ષોના વિ.વ.શ્રીઓની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) આ કામે ફરિયાદીના વિ.વ.શ્રીએ તેમની મૌખિક દલીલો કરેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, આરોપીએ પોતાનો બચાવમાં કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી જેથી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ ૧૩૯ અને ૧૧૮ ના અનુમાનોનું ખંડન કરવાનુ રહેતુ નથી. આમ આરોપીને કાયદાની જોગવાઈ મુજબ મહત્તમ સજા કરવા અરજ કરેલ છે. જયારે આરોપી તરફે તેમના વિ.વ.શ્રીએ તેમની દલીલમાં જણાવેલ છે કે, ફરિયાદીએ આરોપીને કોઈ ચેક આપેલ નથી. ફરિયાદીએ આરોપીના અગાઉના આપેલ ચેકનો દુરુપયોગ કરેલ છે. ફરિયાદીનું કાયદેસરનું લેણું આરોપી ઉપર સાબિત થતું નથી. આમ, ફરિયાદીએ આરોપી પાસેથી નાણા પડાવવા માટે ખોટો કેસ કરેલ છે. આરોપીને નિર્દોષ છોડી મુકવા અરજ કરેલ છે.

(૭) ફરીયાદપક્ષ તરફથી રજુ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાના આધારે કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

–:: મુદ્દાઓ ::–

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ફરીયાદીએ આરોપી પાસેથી લેણી રકમની ઉઘરાણી કરતાં આરોપીએ ફરીયાદીને તેમના બેંક ઓફ બરોડા, ખંભાળીયા શાખાના ખાતા નં.૨૬૧૨૦૧૦૦૦૨૮૬૭૦ નો ચેક નં.૦૦૦૦૧૦, તા.૦૧/૦૧/૨૦૨૪ ના રોજનો ચેક આપેલ જે ચેક બેંકમાં જમા કરાવતા ''ફંડ ઈન્સીફીયન્ટ'' ના શેરા સાથે તા.૧૫/૦૩/૨૦૨૪ ના રોજ પરત ફરતાં. ફરિયાદીએ વકીલશ્રી મારફત આરોપીને મુદત દરમિયાન ચેક રીટર્ન અંગેની કાનુની નોટિસ ગત તા.૦૨/૦૪/૨૦૨૪ ના રોજ પાઠવવામાં આવેલ જે કાનુની નોટિસ આરોપીને બજી ગયેલ હોવા છતાં આરોપીએ ફરિયાદીને ચેકમાંની રકમ નહી ચુકવી આપી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો સજાને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દા ઉપરનો મારો નિર્ણય નીચે મુજબ છે.

મુદ્દા નં:–૧ હકારાત્મક.

મુદ્દા નં:–૨ આખરી હુકમ મુજબ.

–: કારણો :–

(૯) ફરીયાદીએ આરોપી વિરુધ્ધ કેસ પુરવાર કરવા તેમની ફરીયાદ સાથે આંક –૫ થી તેમના પુરાવાનુ સોગંદનામુ રજુ કરેલ છે. આરોપી તરફે લેવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદ જણાવે છે કે,''હું ધોરણ ૧૨ સુધી ભણેલ છું. મને ગુજરાતી લખતા વાંચતા આવડે છે. મને

અંગ્રેજી બહુ આવડતું નથી. આરોપીને હું ૮–૯ વર્ષથી ઓળખું છું અને આરોપી અને મારા મોટા ભાઈ બસનો સાથે ધંધો કરતા હતા તે રીતે ઓળખું છું. આરોપી ઈકો ચલાવતા હતા. આરોપી ડ્રાઈવીંગનો ધંધો કરે છે. મેં મારી ફરિયાદમાં આરોપી સાથે એવો સંબંધ બતાવેલ છે કે આરોપીના પત્નીને મેં બેન બનાવેલ છે. આરોપી મહિને કેટલું કમાતા હતા તેની મને ખબર નથી. મારે વાડી છે અને તેમાં હું ખેતીકામ કરું છું. મારે પહેલાં ૧૩ વીઘા જમીન હતી અને હાલમાં ૭ વીઘા જમીન છે. હું કયારેક જાતે વાવેતર કરું છું અને કયારેક ભાગમાં વાવેતર કરવા આપું છું. અમે પરિવારમાં પાંચ વ્યકિત છીએ. મારે સંતાનમાં બે દીકરીઓ અને એક દીકરો છે. આ ત્રણ સંતાનો પૈકી મારું એક સંતાન એલ.કે.જી.માં અભ્યાસ કરે છે અને બાકીના બે બાળકો નાના છે. મારા ત્રણેય બાળકોના સારવારના ખર્ચા મારે કરવાના હોય છે. મારું એક સંતાન કે જે અભ્યાસ કરે છે તેના અભ્યાસનો ખર્ચો પણ મારે કરવાનો હોય છે. ખેતીમાં આવક કંઈ ચોકકસ હોતી નથી. હું આશરે પણ કહી શકું નહિ કે મહિનાની કેટલી આવક થાય છે. મારા એક બાળકની ભણવાની ફી છ મહિનાની રૂ.૪૮૦૦/– છે. દવાદારૂનો કોઈ ચોકકસ ખર્ચ નથી. હાલ મને ખ્યાલ નથી કે મારા બાળકોનો ગયા વર્ષે દવામાં કેટલો ખર્ચો થયેલો. મારા ઘરનો મહિનાનો રાશન ખર્ચ રૂપિયા બે હજાર થી ચાર હજાર છે. સવાલ:– તમે વ્યાજ વટાવનો ધંધો કરો છો તે સંબંધે તમારી વિરુધ્ધ કેટલી અરજીઓ થયેલ છે ? જવાબ:– એકપણ અરજી થયેલ નથી. હું વ્યાજ વટાવનો ધંધો કરતો નથી. હું ઈન્કમ ટેક્ષ રિટર્ન ફાઈલ કરું છું પરંતુ આ વર્ષે ભરેલ નથી. એ વાતની મને ખબર નથી કે ઈન્કમ ટેક્ષના નિયમ મુજબ રૂ.૨૫,૦૦૦/– થી વધુની રકમ માટે લેતી દેતી

કરવાની થાય તો ચેકથી કરવી પડે. હું જે રકમ હાલની ફરિયાદમાં બતાવું છું તે રકમ મેં ઈન્કમ ટેક્ષ રિટર્નમાં બતાવેલ નથી. એ વાતની મને ખબર નથી કે ટેક્ષની ચોરી કરવી તે ગુનો બને છે. મને આંક-૧૦ વાળો ચેક બતાવવામાં આવે છે જે જોઈ જણાવું છું કે તેમાં સહીમાંના અક્ષરો અને બાકીના લખાણના અક્ષરો અલગ અલગ છે. આંક-૧૦ વાળા ચેકમાં સહી અને રકમ અંગ્રેજીમાં લખેલ છે અને બાકીની વિગત ગુજરાતીમાં લખેલ છે. સવાલ:- તમે કોર્ટમાં જેટલા દસ્તાવેજો રજુ કરેલા છે તે તમામ દસ્તાવેજો ઉપર તમારા વકીલશ્રીએ તૈયાર કરી સહી કરવાનું કહેતા તમે સહી કરી દીધેલી? જવાબ:- મેં વાં ચીને સહી કરેલ છે. આંક-૧૫ વાળા દસ્તાવેજમાં સાક્ષી તરીકે જેમણે સહી કરેલ છે તેમના નામ દર્શાવેલ નથી કે તેમના કોઈ ઓળખ કાર્ડ પણ મૂકવામાં આવેલ નથી. આંક-૧૫ વાળા કરારમાં એવી હકીકતનો ઉલ્લેખ છે કે, ''નાણા લેનારની સ્વતંત્ર માલિકીનું રહેણાંક મકાન ખંભાળીયા ગામે ભગવતી હોલ ચોખંડા રોડ બરફના કારખાના પાસે આવેલ છે તેનો કબજો લઈ શકાશે''. મારી પાસે રોકડ રકમ રૂા.૧,૨૦,૦૦૦/- પડી હોય તે બતાવતો કોઈ દસ્તાવેજ હાલના કામે રજુ કરેલ નથી.''

(૧૦) ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે આંક-૩ થી અસલ દસ્તાવેજી પુરાવા લિસ્ટ રજુ કરેલ છે. જેમાં આંક-૧૦ થી ફરિયાદીને આરોપીએ આપેલ ચેક નં.૦૦૦૦૧૦, આંક-૧૧ થી આરોપીએ ફરિયાદીને આપેલ ચેક નં..૦૦૦૦૧૦ પરત ફરતા આરોપીની બેન્કે આપેલ રીર્ટન મેમો, આં ક-૧૨ થી આરોપીને મોકલેલ લીગલ નોટિસ, આંક-૧૩ થી આરોપીના હાલના સરનામે મોકલેલ નોટિસ રજી.એડી. કર્યાની સ્લીપ, આંક-૧૪ થી એકનોલોજમેન્ટ સ્લીપ, આંક-૧૫ થી

ફરિયાદીએ આરોપીને આપેલ રકમની ચુકવણી માટે આરોપી અને ફરિયાદી વચ્ચે થયેલ નોટરી રૂબરૂનો કરાર વિગેરે દસ્તાવેજો રજુ કરેલ છે.

(૧૧) આમ પ્રસ્તુત કેસમાં નેગોશીયેબલ ઈન્સટ્રુમેન્ટ એકટ ૧૧૮ અને ૧૩૯ માં જણાવેલ અનુમાનો ફરિયાદીની તરફેણમાં હોવાથી તે અનુમાનોનું ખંડન થઈ શકે તેવુ ચુસ્ત વિશ્વાસપાત્ર માનવાલાયક તથા પ્રી પોન્ડરન્સ ઓફ પ્રબેબીલીટી જેટલો પુરાવો રેકર્ડ ઉપર લાવી તેનુ ખંડન કરવાની જવાબદારી આરોપીના શિરે રહેલ છે. ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટના કાયદાની મહત્વની જોગવાઈઓ નીચે મુજબની છે.

<u>કલમ–૧૩૮ ના આવશ્યક તત્વો જોતાં–</u>

૧. આરોપીએ તેમના ધ્વારા લખવામાં આવેલ ખાતામાંથી ફરીયાદીને નાણાં ચુકવવા ચેક આપેલ.

૨. આરોપીએ ફરિયાદીને આપેલ ચેક સમગ્ર અથવા અંશત: દેવા માટેની જવાબદારી અદા કરવા માટે આપેલ હતો.

૩. ચેક જે તારીખે લખ્યો તે તારીખથી ૬ માસની અંદર સમય મર્યાદામાં અથવા વેલીડીટી પિરીયડ બંનેમાંથી જે વહેલા ચેક તે સમય મર્યાદામાં રજુ કરવામાં આવેલ છે.

૪. તે ચેક આરોપીના ખાતામાં અપુરતા ભંડોળના કારણે પરત ફરેલ છે.

૫. ચેક પરત થયાની માહિતી મળ્યા બાદ ફરિયાદીએ નાણાંની માંગણી લેખિતમાં કરેલ હતી.

૬. તેઓને નોટીસ મળી ગયેલ હોવા છતા ચેકના નાણાં સમય મર્યાદામાં ચુકવી આપેલ નથી.

ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટના કાયદા મુજબ અદાલતે બે અનુમાન કરવાના રહેશે, જેમાં પ્રથમ અનુમાન કલમ–૧૧૮ અન્વયે તથા બીજુ અનુમાન કલમ–૧૩૯ અન્વયે કરવાનું રહેશે.

કલમ–૧૧૮–વટાઉખત વિશે માની લેવાની બાબત...

વિરૂધ્ધનુ સાબીત ન થાય ત્યાં સુધી નીચે પ્રમાણે માની લેવામાં આવશે. (ક)દરેક વટાઉખત અવેજને માટે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું અને આવુ દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યુ હોય તો તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોય તે વટાવવામાં આવ્યુ હોય અથવા તબદીલ કરવામાં આવ્યુ હોય તે અવેજને માટે સ્વીકાર્યુ હતું તેના ઉપર શેરો કરી આપ્યો હોય તે વટાવ્યુ હતું અથવા તબદીલ કર્યુ હતું. (ખ) તારીખ વિશે:– જેના ઉપર તારીખ હોય તેવુ દરેક વટાઉખત તે તારીખે કરી આપ્યુ અથવા લખી આપ્યું હતુ. (ગ) સ્વીકારવાના સમય વિશે:– સ્વીકારાયેલુ દરેક વિનિમયપત્ર તેની તારીખ પછી અને તે પાકયાની તારીખ પહેલા વ્યાજબી સમયમાં સ્વીકારવામાં આવ્યું હતું. (ઘ) તબદીલના સમય વિશે:– કોઈ વટાઉખતની દરેક તબદીલ તે ખત પાકવાની તારીખ પહેલાં થઈ હતી. (ચ) શેરાઓના ક્રમ વિશે:– ખોવાઈ ગયેલી પ્રોમીસરી નોટ, વિનિમયપત્ર અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલો હતો. (જ) ધારક યથાક્રમ ધારક છે એમ માની લેવા વિશે:– કોઈ વટાઉખતનો ધારક યથાક્રમ ધારક છે પરંતુ જયારે તે ખત તેના કાયદેસરના માલીક પાસેથી અથવા તેનો કાયદેસરનો હવાલો ધરાવતી વ્યકિત

પાસેથી કોઈ ગુન્હો કરીને અથવા કપટથી મેળવવામાં આવ્યું હોય અથવા તે ખત કરી આપનાર અથવા સ્વીકારનાર પાસેથી કોઈ ગુન્હો કરીને અથવા કપટથી અથવા ગેરકાયદેસર અવેજને બદલે મેળવવામાં આવ્યું હોય ત્યારે તે ખતનો ધારક પોતે યથાક્રમે ધારક છે એમ સાબીત કરવાનો બોજો તેના ઉપર છે.

<u>કલમ–૧૩૯:– ચેક ધારણકર્તાની તરફેણમાં અનુમાન:–</u>

વિરૂધ્ધની હકીકત સાબીત ન થાય ત્યાં સુધી એવું માનવામાં આવશે કે તે ચેક ધારણ કરનારે તે ચેક કલમ–૧૩૯ માં દર્શાવ્યા મુજબ કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજ મુકત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે. પાછો ફરેલ ચેક વર્તમાન લેણાનો કે જવાબદારી પુરી કરવા માટેનો હતો પરંતુ અનુમાન કરીને દેવા પરત્વેનો ન હતો તે ચેક આપનાર ઉપર છે.

(૧૨) ઉપરોકત રજૂઆતો તથા કાયદાની જોગવાઈ અને કેસનો રેકર્ડ ધ્યાને લેતાં ફરિયાદપક્ષનો એવો કેસ છે કે, આરોપી અને ફરિયાદી વચ્ચે પરિચયના નાતે આરોપીએ ફરિયાદી પાસેથી લીધેલ રકમમાંથી રૂા.૧,૨૦,૦૦૦/– ની ચુકવણી માટે આરોપી તરફથી ફરિયાદીને તા. ૦૧/૦૧/૨૦૨૪ ના રોજનો બેંક ઓફ બરોડા, ખંભાળીયા શાખાના ખાતા નં.૨૬૧૨૦૧૦૦૦૨૮૬૭૦ નો ચેક નં .૦૦૦૦૧૦ આરોપીએ સહી કરી આપેલો. જે ચેક ફરિયાદીએ તેમના બેંક ખાતામા જમા કરાવતા સદરહું ચેક ''ફંડ ઈન્સીફીચન્ટ''ના શેરા સાથે તા.૧૫/૦૩/૨૦૨૪ ના રોજ પરત ફરેલ. ત્યારબાદ ફરિયાદીએ આરોપીને તા. ૦૨/૦૪/૨૦૨૪ ના

રોજ લીગલ નોટિસ મોકલી ચેક બાઉન્સ થયા બાબતની તથા રૂા. ૧,૨૦,૦૦૦/– પુરા નોટિસ મળ્યે દિવસ–૧૫ માં ચુકતે આપી પહોંચ મેળવી લેવા જાણ કરેલી જે નોટિસ આરોપીને બજી ગયેલ હોવા છતાં આરોપીએ ફરિયાદીની લેણી નીકળતી રકમ પરત આપેલ નહી. આ કામે ફરિયાદી તરફથી આંક–૧૦ થી ફરિયાદીને આરોપીએ આપેલ ચેક નં.૦૦૦૦૧૦, આંક–૧૧ થી આરોપીએ ફરિયાદીને આપેલ ચેક નં..૦૦૦૦૧૦ પરત ફરતા આરોપીની બેન્કે આપેલ રીર્ટન મેમો, આંક–૧૨ થી આરોપીને મોકલેલ લીગલ નોટિસ, આંક–૧૩ થી આરોપીના હાલના સરનામે મોકલેલ નોટિસ રજી.એડી. કર્યાની સ્લીપ, આંક–૧૪ થી એકનોલોજમેન્ટ સ્લીપ, આંક–૧૫ થી ફરિયાદીએ આરોપીને આપેલ રકમની ચુકવણી માટે આરોપી અને ફરિયાદી વચ્ચે થયેલ નોટરી રૂબરૂનો કરાર વિગેરે દસ્તાવેજો રજુ કરેલ છે. સદર નોટિસ આરોપીના કાયમી સરનામે આપેલ છે અને તે ધોરણસર બજી ગયેલ છે. આમ, આરોપીએ ચેકની રકમ ચુકવી ન આપતા ફરીયાદીએ હાલની આ ફરીયાદ કરેલ છે. પ્રસ્તુત કેસમાં આરોપી તરફે ફરિયાદીની ઉલટતપાસ થયેલ છે. જે ઉલટતપાસમાં આરોપીના તરફે એવી કોઈ હકીકત જણાય આવેલ નથી કે, હાલના ફરિયાદીએ આરોપીને કોઈ બાકી નીકળતા લેણાની જવાબદારી પેટે હાલનો ચેક આપેલ ન હોય અને કોઈ બીજા વ્યવહાર માટે હાલનો ચેક ફરિયાદીને આપેલ હતો. વધુમાં ફરિયાદી તરફે આંક–૧૫ થી રજુ થયેલ નોટરી રૂબરૂના કરારમાં પણ આરોપીએ ફરિયાદી પાસેથી હાથઉછીની રકમ લીધેલી અને તેની ચુકવણી કરવાની બાહેંધરી આપેલાનું જણાય આવે છે. આરોપી

દ્વારા ફરિયાદીની થયેલ ઉલટતપાસમાં ફરિયાદીએ એવી હકીકત સ્વીકારેલ છે કે, ચેકમાના હસ્તાક્ષરો અલગ-અલગ અક્ષરમાં તથા ભાષામાં છે. પરંતુ તે ચેકમાં આરોપીની સહી નથી તેવી કોઈ તકરાર આરોપી તરફે લેવામાં આવેલ નથી. આમ, જયારે ચેકમાં આરોપીની સહી છે અને ફરિયાદીનું કાયદેસર લેણુ આરોપી પાસે નીકળતું હોવાનું પુરવાર થયેલ હોય આરોપીની ઉપરોકત રજુઆત ગ્રાહય રાખવાપાત્ર નથી. આમ આરોપીએ બાકી લેણા નીકળતી રકમની જવાબદારી પેટે ચેક આપેલાની હકીકત પુરવાર થાય છે. જેથી ચેકમાંની રકમ રૂા.૧,૨૦,૦૦૦/-(અંકે રૂપિયા એક લાખ વીસ હજાર) પુરા ચુકવવા હાલના આરોપી જવાબદાર બને છે. આમ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧ ૩૮ ના તમામ તત્વોનું પાલન થતું હોય ફરિયાદીને આરોપીએ લીધેલ રકમની ચુકવણી પેટે આપેલ આંક-૧૦ વાળો ચેક ''ફં ડ ઈન્સીફીયન્ટ'' ના શેરા સાથે પરત ફરેલો અને તે ચેકની રકમની માં ગણી કરતી નોટિસ વગર બજેલ પરત ફરેલ, પરંતુ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આરોપીને યોગ્ય સરનામે મોકલેલ નોટિસ બજી ગયેલાનું માનવાને કારણ છે. તેમ છતાં આરોપીએ ફરિયાદીની કાયદેસરની લેણી નીકળતી રકમ ચૂકવી આપેલ ન હોવાનું પુરવાર થતું હોય આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબ ગુનો કરેલાનું પુરવાર થતું હોય આરોપીને નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૯ તથા ૧૧૮ના અનુમાનોનું ખંડન ન કરેલ હોય ફરીયાદવાળો ચેક આરોપીએ ફરિયાદીના કાયદેસરના લેણાંની જવાબદારી પેટે આપેલ હોવાનું અનુમાન ફરિયાદીની તરફેણમાં કરવાનું રહે છે. પ્રસ્તુત કેસમાં આરોપીએ ફરીયાદીને આપેલ ચેક

બેન્કમાં જમા કરાવતા ''ફંડ ઈનસફીસીયન્ટ''ના શેરા સાથે પરત ફરેલ છે જેનું ફરિયાદીના પુરાવાનું ખંડન કરેલ નથી. આમ ફરિયાદી આરોપી વિરૂધ્ધ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ થયેલા હોય **મુદ્દા નં.૧ નો જવાબ ''હકાર'' માં આપી આરોપીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના શિક્ષાપાત્ર ગુન્હાના કામે તકસીરવાન ઠરાવવામાં આવે છે.**

હુકમ:–

સજા બાબતે સાંભળવા મુલતવી

ચુકાદો આજ તારીખ ૨૩ મી જુન, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૩/૦૬/૨૦૨૬. **(જનકકુમાર દેવજીભાઈ સોલંકી)**
ખંભાળીયા. **એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ**
દેવભૂમિ દ્વારકા મુ. ખંભાળીયા
કોડ નં.GJ00979

(૧) આ કાયદાની ઈન્સાફી કાર્યવાહી સમન્સ ટ્રાયેબલ રીતે ચલાવવામાં આવેલ હોય અને આરોપીને દોષિત ઠરાવવામાં આવે ત્યારે સજા અંગે સાંભળવાની રીતે જરૂર નથી અને પ્રસ્તુત કેસમાં આરોપી પણ હાજર રહેલ નથી. જેથી સજા બાબતે તેમને સાંભળવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) ફરિયાદી તરફે એવી રજુઆત કરવામાં આવેલ છે કે આરોપી સામે ગુન્હો પુરવાર કરવામાં ફરિયાદી સફળ રહેલ હોય આરોપીને શિક્ષાપાત્ર ગુન્હાના મહત્તમ સજા અને ચેકની બમણી રકમ નો દંડ કરી પૂરેપુરું વળતર ફરિયાદીને અપાવવુ જોઈએ.

(૩) આમ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના

કાયદાની જોગવાઈ, સમાજમાં દિનપ્રતિદિન આવા પ્રકારના ગુન્હાનું પ્રમાણ વધતું જતું હોય, અન્ય ગુનેગારોને દાખલો બેસે તે રીતે સમાજના હિતમાં અને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટના ઘડવૈયાનો ઉદેશ લક્ષમાં રાખી હાલના આરોપીને સજા કરવાનું હું ઉચિત અને ન્યાયી માનું છું જેથી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે:–

–: આખરી હુકમ :–

(૧) આ કામના આરોપી **સલીમભાઈ યુસુફભાઈ ખીરા,** રહે. ખંભાળીયા, ઠે. ભગવતીહોલ, તા.ખંભાળીયા, જી.દેવભૂમિદ્વારકા નાઓને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૮(૨) અન્વયે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુન્હામાં તકસીરવાન ઠરાવી ૧ વર્ષની સાદી કેદની સજા કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપી **સલીમભાઈ યુસુફભાઈ ખીરા** નાઓએ બી.એન.એસ.એસ. ની કલમ–૩૯૫(૩) મુજબ વળતર પેટે ચેકની રકમ રૂા.૧,૨૦,૦૦૦/–(અંકે રૂપિયા એક લાખ વીસ હજાર) પુરા દિન–૩૦માં ફરિયાદીને ચુકવી આપવા. જો આરોપી આ રકમ ચુકવવામાં કસુર કરે તો, દિન–૭ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપી હાજર થયેથી તેઓને બી.એન.એસ.એસ.ની

કલમ–૪૦૪(૧) મુજબ આ હુકમની નકલ વિનામુલ્યે આપવી.

(૪) આરોપી હાજર ન હોય આરોપી વિરુધ્ધ પકડ વોરંટ ઈશ્યુ કરવું.

(૫) હાલના કેસ સબબ આરોપી જેટલો સમય જેલમા રહયા હોય તો તેટલો સમય આરોપીને મજરે આપવો.

ચુકાદો આજ તારીખ ૨૩ મી જુન, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૩/૦૬/૨૦૨૬
ખંભાળીયા.

(જનકકુમાર દેવજીભાઈ સોલંકી)
એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
દેવભૂમિ દ્વારકા મુ. ખંભાળીયા
કોડ નં.GJ00979